# સે. ૨૨ના મકાનમાં જુગાર રમતા ૧૨ સરકારી કર્મચારીઓ ઝડપાયા

## દરોડામાં ૧૧ કૃષિ ભવનના વર્ગ-૩-૪ના કર્મચારી તથા ૧ એસ.આર.પી.નો ક્લાર્ક : પોલીસે બે લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા. ૩૧

શહેરના સેક્ટર-૨૨માં આવેલ ચ-ટાઈપના સરકારી મકાનમાં તીન પત્તીનો જુગાર રમતાં ૧૨ સરકારી કર્મચારીઓ એલ.સી.બી. પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ૧૨ જુગારીઓ પાસેથી મોબાઈલ, વાહન, રોકડ અને જુગાર સાહિત્ય સાથે કુલ રૂ. ૨,૨૨,૧૦૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ સે. ૨૧ પોલીસમથકમાં ગુનો નોંધાયો હતો. જે અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર કૃષિ ભવનમાં અલગ-અલગ પદ પર નોકરી કરતા અશોક પ્રભુદાસ ઠક્કર, દિપક નારણભાઈ વ્યાસ, હરેન રસિકભાઈ શાહ, મનહરસિંહ ડાભી, પ્રહલાદજી ગુલાબજી સોલંકી, દાઉદભાઈ મોહમંદ ઘાંચી, શંભુલાલ વાલજી કટારીયા, ભરત મોતીભાઈ પટેલ, ઘનશ્યામ કાળાભાઈ પટેલ, પિયુષ અંબાલાલ પટેલ, હિતેશ યશંવતભાઈ બારોટ ઉપરાંત એસ.આર.પી. ગ્રુપ-૧૨માં ક્લાર્ક તરીકે નોકરી કરતા સોનસિંહ મહિપતસિંહ રાઠોડ સહિતના કુલ ૧૨ જુગારીયા ભેગા થયા હતા અને ગતરોજ સેક્ટર-૨૨માં ચ-ટાઈપના મકાનમાં જુગાર રમવા માટે બેઠા અને તીન પત્તીનો જુગાર રમતા હતા. આ દરમિયાન ગાંધીનગર એલ.સી.બી. પોલીસની ટીમને બાતમી મળતા એલ.સી.બી.ની ટીમે જુગારધામ પર મોડી સાંજે દરોડો પાડ્યો હતો અને તમામ જુગારીયાઓ રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને દરોડા દરમિયાન તેમની પાસેથી મોબાઈલ, વાહન અને રોકડ મળી કુલ રૂ. ૨,૨૨,૧૦૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરાંત તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ સેક્ટર-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



# ગાંધીનગર સાહિત્ય સભામાં યુવા સર્જકોની વરણીથી ગીત-ગઝલ-વાર્તાનો વ્યાપ વધશે

## ગાંધીનગરના યુવાન સર્જકોને સાહિત્ય ક્ષેત્રે રૂચી કેળવી વિક્સાવવા માટે પ્રમુખ ભરત કવિ અને મંત્રી સંજય થોરાત વિશેષ અભિયાન છેડશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં છેલ્લા અઢાર વર્ષથી કાર્યરત 'શબ્દ સેતુ' દ્વારા સાહિત્યના સમાચાર અને વિવિધ સાહિત્યનું સંપાદન કરતાં મૂળજીભાઈ પરમાર



ગાંધીનગર સાહિત્ય સભાના આજે નવા હોદ્દેદારોની વરણી થઈ હતી. છેલ્લા વર્ષોમાં સાહિત્યના એનસાઈક્લોપિડીયા જેવા દોલત ભટ્ટે આ કામ સુપેરે નિભાવ્યું હતું. સાહિત્ય અને સર્જનની ઉપાસના માટે ગાંધીનગરના સાહિત્યકારો વિશેષ નામના ધરાવે છે.

આજે આવનારા ત્રણ વર્ષ માટે નવા હોદ્દેદારો નીમાયા હતા. જેમાં પ્રમુખ તરીકે નગરના જાણીતા કવિ અને 'પાટનગર પ્રકાશ' અખબાર ચલાવતા ભરત કવિની નિમણુંક થઈ હતી. ઉપ પ્રમુખ તરીકે ગાંધીનગર સમાચારમાં રોજ સૌની સવાર સુધારતાં 'સુપ્રભાતમ' કોલમના લેખક સુરેશભાઈ ભટ્ટ અને બીજા ઉપપ્રમુખ તરીકે 'શબ્દ સમીપે' અને 'નવા કલેવર'ના લેખક અને જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉની વરણી થઈ હતી.

'હેલ્લો ફ્રેન્ડસ' કોલમથી યુવાનોને દર અઠવાડીયે નવોજ વિષય માંડતા અને ગાંધીનગરની દરેક સાંસ્કૃતિક પ્રવૃત્તિને 'ઉઘડતે પડદે' માં તાદશ્ય કરાવતાં યુવા સાહિત્યકાર અને ગાંધીનગર પરિક્રમા, સદ્વાંચન પરિવાર, આત્મન ફાઉન્ડેશન જેવી સંસ્થા સાથે સક્રિય પણે સામાજીક કાર્ય કરતાં સંજય થોરાતને મંત્રી તરીકેનું સુકાન સોપવામાં આવ્યું છે.

અન્ય મંત્રી તરીકે વરણી પામ્યા છે. સહમંત્રી તરીકે રમણભાઈ શ્રીમાળી અને કોષાધ્યક્ષ તરીકે હરેશભાઈ ભટ્ટ અને આંતરીક હિશાબનીશ તરીકે મહેન્દ્રભાઈ રાઠોડની વરણી કરવામાં આવી.

આ આખીય પ્રક્રિયા સર્વાનુમતે કરવામાં આવતા આ સાહિત્ય સભા, સાહિત્યની ઉપાસક છે એવુ ફલિત થયું. આજની આ કારોબારીમાં અનેક સિદ્ધહસ્ત સાહિત્યકારો આવતાં ગાંધીનગરમાં સાહિત્યલક્ષી પ્રવૃત્તિઓને વેગ મળશે એમ લાગી રહ્યું છે. ગાંધીનગરનાં યુવાન સાહિત્યકારોને સાહિત્ય પ્રત્યે રૂચી કેળવી આગળ વધે એ માટે અનેક કોલેજોમાં સેમિનાર કરવાની તૈયારી નવા પ્રમુખ ભરત કવિ અને મંત્રી સંજય થોરાતે કરી છે. સાહિત્યનો વ્યાપ ત્યારે જ વધશે જ્યારે યુવાનો આમાં અધિકપણે જોડાશે.

અરમાન જિંદગીના પુરા થાય તોય ઘણું છે, બે-ચાર સારાં કામ થાય તોય ઘણું છે. જેવુ કહેતા ભરત કવિ અને 'કન્વર્ટ લાઈફ ઈન ટુ સેલિબ્રેશન'નો મંત્ર અપનાવી ચૂકેલા સંજય થોરાત સમગ્ર કારોબારીના સહયોગથી નટવર હેડાઉ અને સુરેશ ભટ્ટના અનુભવથી અનેક કાર્યક્રમો યોજી ગીત-ગઝલ-વાર્તાનો વ્યાપ વધારશે એવી અનેક શુભેચ્છાઓ.

# નભોઈના પાર્ટીપ્લોટમાં ૧૯ લાખથી વધુના મુદ્દામાલ સાથે ૩ સટ્ટોડીયા ઝડપાયા

## સટ્ટોડીયા ભારત-ઓસ્ટ્રેલિયાની મેચ પર સટ્ટો રમાડતા હતા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક નભોઈ ગામે આવેલ ગ્રીનવુડ પાર્ટીપ્લોટ ખાતે ગત મોડી સાંજે અડાલજ પોલીસે દરોડો પાડ્યો હતો અને ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલતી ટી-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા ૩ સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા હતા અને અંદાજે રોકડ, વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ. ૧૯ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ત્રણેય સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક નભોઈ ગામની સીમમાં ગ્રીનવુડ પાર્ટી પ્લોટ આવેલ છે. જ્યાં હાલ ભારત ઓસ્ટ્રેલિયા ટી-૨૦ ક્રિકેટ મેચ પર કેટલાક સટ્ટોડીયા સટ્ટો રમાડી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી આથી અડાલજ પોલીસે બાતમી સ્થળે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો અને સટ્ટો રમાડતા ભવાન કાળુભાઈ ઠાકોર (રહે. આગણેજ) એનિસ સુધીરભાઈ પટેલ (રહે. રાણીપ, અમદાવાદ) અને અજય ગોવિંદભાઈ પટેલ (રહે. ઘનશ્યામ ફલેટ રાણીપ, અમદાવાદ) ને ઝડપી પાડ્યા હતા. પોલીસ દરોડમાં સટ્ટોડીયાઓ પાસેથી રૂ. ૬૨,૩૫૦ રોકડા, રૂ. ૧,૧૪,૫૦૦ની કિંમતના ૧૪ નંગ મોબાઈલ, ટી.વી., લેપટોપ, ચાર્જર, ગાદલા મળી કિંમત રૂ. ૩૦,૦૦૦ તેમજ રૂ. ૧૭ લાખની કિંમતની બે કાર મળી કુલ રૂ. ૧૯,૫૬,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ત્રણેય સટ્ટોડીયાઓની ધરપકડ કરી તેમની વિરૂદ્ધ અડાલજ પોલીસમાં ગુનો નોંધ્યો હતો જેની વધુ તપાસ વાય.એન. મિશ્રા ચલાવી રહ્યા છે.



ગુજરાત રાજયના પૂર્વ આરોગ્ય મંત્ર સ્વ. નલીનભાઈ ભટ્ટની ૭મી માસિક પુણ્યતિથી નિમિત્તે ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે દર્દીઓને બિસ્કીટ વેફર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ગનીભાઈ કુરેશી, પ્રવીણભાઈ બારેજીયા અને માનવ ધર્મ પરિવારના પિંકલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં.

# ચિલોડા પોલીસે બાઈક પર દારૂની ખેપ મારતા બે બુટલેગરો ઝડપ્યા

ગાંધીનગર, તા. ૩૧

અમદાવાદ-હિંમતનગર હાઈવે પર ચિલોડા નજીક આજે વાહનચેકીંગ દરમિયાન ચિલોડા પોલીસે ૧૦ નંગ ઈંગ્લિશ દારૂની બોટલ સાથે બે બાઈક સવાર ખેપિયાઓને ઝડપી પાડ્યા હતા અને અંદાજીત રૂ. ચાર હજારનો મુદ્દામાલ કબજે કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચૂંટણી આવતા દારૂની રેલમછેલ કરવા માટે ખેપિયાઓ ખુલ્લેઆમ ધૂમ મચાવી રહ્યા હોય તેવું લાગી રહ્યુ છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દારૂ પકડવવાની ઘટનાઓ બની રહી છે. આવા નાના-મોટા ખેપિયાઓને પકડવા માટે પોલીસે પણ કમર કસી છે.

આજરોજ હિંમતનગર-અમદાવાદ હાઈવે પર સવારે નવ વાગ્યે ચિલોડા પોલીસ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર તરફથી હોન્ડા શાઈન બાઈક નં. જીજે-૯-સી.ઈ. ૪૭૦૪ લઈને આવી રહેલા અજયસિંહ મહેન્દ્રસિંહ કુંપાવત અને અજીતસિંહ મનોસિંહ પરમાર (બન્ને રહેવાસી કુકડિયા, તા. ઈડર)ની તપાસ કરતા બન્ને પાસેથી ઈંગ્લિશ દારૂ મળી આવ્યો હતો.

# ઉનાવા ગોગાજીધામ ખાતે ચૈત્રી નવરાત્રી ઉજવાશે : રાત્રે રાસ ગરબા યોજાશે

## આઠમના દિવસે દેરાહરુ જાતર થશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર પાસેના સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા ઉનાવા ગામમાં ગોગાજી પરિવાર દ્વારા ચૈત્રી નવરાત્રીની ઉજવણી કરવામાં આવશે અને દેરાહરુ જાતર કરવામાં આવશે.

કેલેન્ડર વર્ષ પ્રમાણે ચાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગાંધીનગરના ઉનાવા ખાતે ગોગાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીના ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ઉનાવા ખાતે તા. ૩૧ થી તા. ૮ એપ્રિલ સુધી નવરાત્રી ઉજવાશે. જેમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. નવરાત્રીના પ્રારંભે માતાજીની પધરામણી, હવન અને પૂજાપાઠ તેમજ ધજા ચઢાવવામાં આવશે. નવરાત્રી નિમિત્તે દરરોજ રાત્રે ઉનાવા ગામમાં ગુજરાતના લોકગાયકો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવશે.

તેમજ નવરાત્રીના આઠમના દિવસે માતાજીનું દેરાહર, જાતર કરવામાં આવશે. ઉનાવા ગોગાજી પરિવાર દ્વારા સમક્ષ નવરાત્રીમાં પધારવા ધર્મપ્રેમી જનતાને પધારવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### શહેર પેન્શનર્સ મંડળની ૩જીએ બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને ૩ એપ્રિલ, ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલયમાં મળશે.





# લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા વૃધ્ધાશ્રમના વડીલોને વસ્ત્રો અર્પણ કરાયા

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સેરકટર-૬માં આવેલા ક્રિશ્ના વૃધ્ધાશ્રમના વડીલોને વસ્ત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. લાયોનેસ ક્લબની બહેનોએ વડીલો સાથે થોડા કલાકો વિતાવીને વડીલો સાથે સુખ દુઃખની વાતો કરી, ગીતો પણ ગાયાં હતા. અંતમાં સૌ આઈસ્ક્રીમ ખાઈને ભીની આંખે છૂટા પડ્યા હતા. વૃધ્ધાશ્રમના વડીલોને વસ્ત્રો માટે આર્થિક સહાય લાયોનેસ ક્લબના ભૂતપૂર્વ પ્રમુખો પ્રિયાબેન મનીક, ઈન્દુબેન દવે તથા લાયોનેસ પલ્લવીબેન ગુપ્તે દ્વારા પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ આરતી ભટ્ટ, સેક્રેટરી મિનાક્ષી જયસિંઘાણી તથા ટ્રેઝરર જ્યોતિબેન પંચાલે ભારે જહેમત ઉઠાવી હતી. અને મોટી સંખ્યામાં લાયોનેસ બહેનો હાજર રહી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન: ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :
ઓ-તેરી: ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન: ૧૨.૧૫, ૫.૩૫

: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી: ૧૨.૫૦, ૫.૫૦

: સ્ક્રીન-૪ :
ઢીશકીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશકીયાં: ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ઓ- તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન: ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડીશકીયૂન: ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
યોન્ગીસતાન: ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
ઓ-તેરી: ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યોન્ગીસતાન: ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે.

**મિથુન** : ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**કર્ક** : સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્યજીવનમાં સુખમાં કમી ન થાય તેની કાળજી રાખવી. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : નવી યોજનાઓનો પ્રારંભ થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. કનુસિંહ ભવાનસિંહ ડાભી (ઉ.વ.૪૩) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કંચનબેન ચંદુલાલ શાહ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૨૮૪, પંચવટી ફલેટ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. ઉદેસિંહ નાથુજી ઠાકોર(ઉ.વ.૪૦) મુ.પો. રામપુરા (પાલજ), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સુખાભાઈ કૃપાભાઈ મારવાડી (ઉ.વ.૧૫) આદીવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.